દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

વર્ષ : ૧ અંક : ૫ તા. ૧૫-૦૨-૨૦૧૧ પાના : ૮ છૂટક કિંમત - રૂા. ૫/- વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. 98982 54550

## ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે માર્ગદર્શન

અસરકારક કામગીરી કરનારી વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરતાં જણાશે કે, જીવન પંથમાં મળેલ તકને પોતાના અભ્યાસ,પુરુષાર્થ,હકારાત્મક અભિગમ અને અડગ ધ્યેય દ્વારા અવસરમાં પલટાવી નાખે છે. આપણા સમાજના વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે, આગામી દિવસોમાં તેઓને એક તક મળવાની છે. હા, આગામી માર્ચ માસમાં આવનાર પરીક્ષા એ ખરેખર તો એક એવી તક છે કે જેને પુરુષાર્થ દ્વારા અવસરમાં ફેરવવી એ ખૂબ સહેલું છે તથા જરૂરી પણ છે.

વિદ્યાર્થી મિત્રો, જયારે આપણે બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ ત્યારે આપણી દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ જગ્યા આપણને બેસવા માટે મળે તેમ ઈચ્છીએ છીએ. તો પછી આગામી પરીક્ષામાં આપનું પરીણામ પણ સર્વશ્રેષ્ઠ આવે તો ઘરમાં, અડોશ-પડોશમાં, મિત્રોમાં, સમાજમાં, ગામમાં કે શહેરમાં પણ આપણા માનપન વધી જાય આથી પણ વિશેષ સંસ્થાઓમાંથી ઈનામ અને શિષ્યવૃત્તિ પણ મળે. આમ, પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરવાનું ધ્યેય રાખ્યા પછી પરીક્ષાની તૈયારી કરવા મંડી પડવું પડે. પરીક્ષાની તૈયારી કરવાની દરેક વિદ્યાર્થી પોતાની રીતે નક્કી કરતા હોય છે એટલા માટે આ વખતે આપણે પરીક્ષાની તૈયારી પરીક્ષા પહેલાં અને પરીક્ષા દરમ્યાન કેવી રીતે કરવી તે અંગે કેટલીક બાબતો આ અંકમાં રજૂ કરી છે. આશા છે કે, સૌ વિદ્યાર્થીઓ અને વાલીઓને તે ઉપયોગી થશે.

**યુવાનોના વિકાસ અને ભાવિ પેઢીને માર્ગદર્શન માટે ગાંધીનગર સમાજ દ્વારા એપ્રિલ-મે માસ દરમ્યાન નીચે મુજબના ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. કાર્યક્રમની તારીખ, સ્થળ અને સમયની પછીથી જાણ કરવામાં આવશે. આવા કાર્યક્રમોમાં સમાજના સૌ બાળકો, યુવક/યુવતીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે માટે તેઓને પ્રોત્સાહન આપવા સૌ વાલીઓને વિનંતી છે.**

૧. ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે યોગ્ય વિદ્યાશાખાની પસંદગી માટે ધો.૧૦ અને ૧૨ પછીનું શું ? તે બાબતનો સેમીનાર.

૨. યુવાશક્તિ વિકાસ સેમીનાર-યુવાનોના ચારિત્રય ઘડતર, કારકિર્દી ઘડતર, ભવિષ્યના આયોજન રોજગારલક્ષી માર્ગદર્શન વગેરે વિષયોને સાંકળી લેતો સેમીનાર.

૩. ગુજરાત જાહેર સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે માહિતી સેમીનાર.

### પરીક્ષાની તૈયારી

- પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવી.
- પરીક્ષાની તૈયારી માટે આદર્શ સમયપત્રક તૈયાર કરવું જેમાં નિપુણતા મુજબ વિષયને પ્રાધાન્ય આપવું.
- અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ પસંદ કરવું. અભ્યાસ માટેની જગ્યા સાનુકૂળ હોય કે જયાં તાજગી અને હળવાશ અનુભવીએ.
- બ્રહ્મ મુહુર્તમાં વાંચવાથી ઘણા ફાયદા છે. વાંચેલું યાદ રહે છે. વાતાવરણ એકદમ શાંત હોય છે.
- અભ્યાસ ખંડમાં અરીસો ન હોય તે ઈચ્છનીય છે.
- વાંચતી વખતે વિદ્યાર્થીનું મુખ ઉત્તર પૂર્વ(ઈશાન) તરફ રાખવું જોઈએ કે જેથી હકારાત્મક શક્તિ મળે.
- જયારે ફ્રેશ હોઈએ અને સ્ફૂર્તી હોય ત્યારે વિજ્ઞાન, અંગ્રેજીનું વાંચન કરવું.
- આળસ આવતી હોય કે ઊંઘ આવતી હોય ત્યારે દાખલા ગણવા. આમ કરવાથી મગજ સતર્ક બની જાય છે.
- વાંચતી વખતે બંન્ને પગ જમીનને સમાંતર તથા થોડા ઉંચા રાખી ટટ્ટાર બેસવું જોઈએ. પલંગ પર કે સુતા-સુતા અભ્યાસ ન કરવો જોઈએ.

વાંચતાં-વાંચતાં તેની ટૂંકી નોંધ પણ મુદ્દાસર તૈયાર કરવી જોઈએ જેથી પુનરાવર્તન ઝડપથી થઈ શકે અને આ મુદ્દાઓ પરથી આખા પ્રશ્નનો જવાબ ક્રમબદ્ધ રીતે મુદ્દાસર લખી શકાય. આ નોંધમાં આકૃતિ, સૂત્રો અને અગત્યના મુદ્દાઓ ટપકાવવા જરૂરી છે.

(અનુ. પાન નં. ૪ પર)

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

# તંત્રી સ્થાનેથી....

દુનિયા આખીમાં માણસે તો સ્વભાવ બદલ્યો છે પરંતુ પ્રકૃતિ પણ બદલાઈ રહી હોય તેમ લાગે છે. અનરાધાર વરસાદ, કડકડતી ઠંડી અને અસહ્ય ગરમી. સત્, રાજસ અને તામસ આ માણસની પ્રકૃતિ છે. સત્ બાદ કરી બાકીના ગુણો માણસમાં અને જાણે પ્રકૃતિમાં વધારી રહ્યા હોય એવું લાગે છે ને ! રાજસી અને તામસી ગુણો મનુષ્યમાં અનબેલેન્સ વધી રહ્યા છે. ભૌતિકવાદની પાછળની આંધળી દોટ, આધુનિક બનવાની લાહ્યમાં આપણે આપણી સાત્વિકતા ગુમાવતા જઈએ છીએ. અનાયાસે આપણા મનમાં એક જાતનો તનાવ - ટેન્સ વધતો જાય છે. સુપર બનવાની હોડ જાણે લાગી ચુકી છે. દરેક દરેકને હું કંઈક છું અને હું જ ચડીયાતો છું આવી માનસિકતા વકરી રહી છે. તનાવયુક્ત જિંદગી ઘણા બધા પ્રશ્નો, દુવિધાઓ, અસલામતી અને ભય ઉભા કરે છે. પરોક્ષ - અપરોક્ષ ભયથી આપણે પીડાઈએ છીએ. વિશ્વાસની મૂડીમાં વધારો કરી પરસ્પર આધારીત જીવનને સમાજને બહેતર બનાવીએ. વ્યક્તિગત બાબત જ્યારે સમૂહરૂપે ઉદ્ભવે એ સમાજને માટે ભયજનક, ભયંકર છે. એક સ્વસ્થ નહીં.... અસ્વસ્થ સમાજ રચના આકાર લઈ રહી છે. સમાજ એ પ્રાણી માત્રની જરૂરિયાત છે, આપણે માણસો પણ અપવાદરૂપ નથી જ. અરસપરસની હૂંફ અને પ્રેમ જ સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે. વ્યંગાત્મક વાણી - વિલાસ નહી, ઉપહાસભર્યા શબ્દો નહીં, ઉત્સાહપ્રેરક, લાગણી ભીના શબ્દો (હૃદયથી ચળાઈને આવતા હોય તેવા)ના ઉપયોગની તાતી જરૂરિયાત છે. - તંત્રી

## ગોલ્ડન પીકોક એવોર્ડ મેળવીને સમાજનું ગૌરવ વધારતા રિદ્ધિ ભટ્ટ



મયંકભાઈ કૃષ્ણકાન્ત ભટ્ટ (જાદર) તથા ગાયત્રીબેન મયંકભાઈ ભટ્ટની સુપુત્રી રિદ્ધિએ M.Sc. ForeUSR Scienceમાં સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ રીસર્ચ પ્રોજેક્ટ બદલ તા. ૭-૧-૨૦૧૧ના રોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે ગોલ્ડન પીકોક એવોર્ડ મેળવીને સમાજનું ગૌરવ વધારેલ છે. ભટ્ટ મેવાડા વર્તમાન તેઓને અભિનંદન પાઠવે છે.

## વેદ પ્રાર્થના

सहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः ।
अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघ्न्या ॥

- અથર્વવેદ ૩-૩૦-૧

હું તમને હૃદયવાળા મનવાળા અને દ્વેષરહિત બનાવું છું. એક મનુષ્ય બીજા મનુષ્ય સાથે એવો વ્યવહાર કરે જેમ કોઈ ગાય પોતાના તાજા જન્મેલા વાછરડા સાથે કરે છે.

## ગુજરાત જાહેર સેવા આયોગની ૯૪૮ જગ્યાઓ માટેની ભરતી

**સૌ ભટ્ટમેવાડા સ્નાતક યુવક/યુવતીઓએ અરજી કરવી ઘણા લાંબા સમય પછી આટલી મોટી સંખ્યામાં ભરતી માટેની જાહેરાત**

### ગાંધીનગર સમાજ દ્વારા પરીક્ષા અંગે માહિતી સેમીનાર માર્ચ માસમાં યોજાશે

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી(સચિવાલય)ની ૨૫૧, નાયબ સેકશન અધિકારી(વિધાનસભા) ૧૦, નાયબ સેકશન અધિકારી(જીપીએસસી) ૧૦ અને નાયબ મામલતદાર ૬૭૬ મળી કુલ ૯૪૮ જગ્યાઓની ભરતી થનાર છે જેની લેખિત પરીક્ષા જુન માસમાં લેવાય તેવી સંભાવના છે.

ઘણા લાંબા સમય પછી આટલી મોટી સંખ્યામાં ભરતી માટેની જાહેરાત આવેલ છે. કોઈપણ ગ્રેજ્યુએટ આ જગ્યાઓ માટે અરજી કરી શકે છે જેની છેલ્લી તા.૨૬-૨-૨૦૧૧ છે. અરજી ઓનલાઈન કરવાની રહે છે. સ્નાતક થયેલ સૌ યુવક/યુવતીઓ કે જેઓએ ૨૮ વર્ષ પૂરા ન કર્યા હોય અને અરજી કરવા માટેની લાયકાત ધરાવે છે તે સૌ અરજી કરે તે જરૂરી છે. સાથોસાથ મા-બાપ પણ પોતાના પુત્ર-પુત્રી પાસે અરજી કરાવે કે જેથી અરજી કરવાની તારીખ વીતી ગયા બાદ પસ્તાવાનો વારો ન આવે.

આ સ્પર્ધાત્મક પરીક્ષામાં વધુમાં વધુ જ્ઞાતિના યુવક/યુવતિઓ ભાગ લે અને સફળ થાય તે માટે ગાંધીનગર સમાજે ખાસ વ્યવસ્થા વિચારેલ છે. જે મુજબ લેખિત પરીક્ષા ના માર્ગદર્શન માટે એક માહિતી સેમીનારનું આયોજન માર્ચ મહિનામાં વિચારેલ છે. જે યુવક/યુવતિઓ અરજી કરે તેઓએ તેમનું નામ શ્રી રમેશભાઈ જોશી (ફોન નં.૨૩૨૩૦૬૩૨) શ્રી હિમાંશુભાઈ દિક્ષીત (૦૭૦-૨૨૪૪૯, મો.૯૪૨૬૨ ૭૫૪૫૪ પર નોંધાવવું કે જેથી સેમિનાર માટે યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

# એકાવન શક્તિપીઠો - તેમની ઉત્પત્તિ, સ્થાન વિશેષ તથા મહત્ત્વ ૪

(ગતાંકથી ચાલુ)

પ્રા. ભરતકુમાર ડી. ભટ્ટ, ગાંધીનગર

(૩૩) અંગ-પીઠનો ઊપલો ભાગ પીઠ-કન્યાકુમારી તામિલનાડુમાં સમુદ્રતટ પર ભદ્રકાલી મંદિરમાં તે આવેલ છે. અહીં શક્તિનું નામ શર્વાણી છે.

(૩૪) અંગ-જમણું નિતંબ. પીઠ-રોણાક્ષી. મધ્યપ્રદેશોમાં પવિત્ર નર્મદા નદીના ઉદ્ગમસ્ત્રોત નજીક બિલાસપુર જિલ્લામાં તે આવેલ છે. દેવીનું નામ છે નર્મદા.

(૩૫) અંગ-ઉપરનું જડબું. પીઠ-સંહાર. તે દક્ષિણ ભારતમાં કન્યાકુમારીથી ૧૨ કિ.મી.ના અંતરે શિવમંદિર પાસે આવેલ છે. અહીં નારાયણી શક્તિ છે.

(૩૬) અંગ-સાથળ, પીઠ-રંગીર. મધ્યપ્રદેશમાં સાગર પ્રાંતથી ૪૦ કિ.મી.અંતરે પર્વત પર તે આવેલ છે. અહીં શક્તિનું નામ હરસિધ્ધિદેવી છે. (નવદુર્ગામાં તેનો સિધ્ધિદાત્રી તરીકે નિર્દેશ થાય છે.)

(૩૭) અંગ-ગુલ્ફ (ઝાંઝર ધારણ કરવાની પગની જગ્યા) પીઠ-શ્રીલંકા. તેના નિશ્ચિત સ્થળનો ખ્યાલ નથી. કદાચ શ્રીલંકા કે ઈજિપ્ત હોઈ શકે. અહીં શક્તિ ઈન્દ્રાણી છે.

(૩૮) અંગ-ગળું. પીઠ-ક્ષીરભવાની. તે કાશ્મીરખીણમાં શ્રીનગરથી ૩૦ કિ.મી. ઉત્તરે આવેલ છે. દેવીનું નામ યોગમાયા છે. હિંદુઓ તેમ જ મુસલમાનો પણ આ દેવીને ભજે છે.



(૩૯) અંગ-મસ્તક. પીઠ-ચિન્તાપૂર્ણી અને વજોશ્વરી વજોશ્વરી શક્તિપીઠ કાંગડામાં આવેલી છે. આ મંદિર જાલંધર પીઠના શક્તિત્રિકોણમાં આવેલ છે, જેમાંના બીજા બે ખૂણા તરીકે જવાલામુખી તથા ચિન્તાપૂર્ણી આવે છે. અહી દેવીનું મસ્તક પડયું હતું.

જાલધંરપીઠમાં સતીનાં ચાર અંગો પડયા હતાં. નયોનાદેવીમાં આંખો, જવાલામુખીમાં, જીભ, કાંગડામાં છાતી અને ચિન્તાપૂર્ણીમાં ચરણકમલ. પઠાકોરથી કાંગડા ૧૦૦ કિ.મી. તથા વજોશ્વરીથી ૧.૫ કિ.મી. અંતરે છે.

(૪૦) અંગ-મુગટ. પીઠ-કિરીટ. તે કાંગરા ઘાટ રોડ સ્ટેશનથી ૮ કિ.મી. અંતરે બાતનગર પાસે, ગંગાના કિનારા પર, લાલબાગ સ્ટેશનથી ૫ કિ.મી. અંતર હાવરા પાસે આવેલું છે અહીં શક્તિનું નામ વિમલા છે.

(૪૧) અંગ-ડાબું ઘૂંટણ. પીઠ-વિભાષ. પશ્ચિમ બંગાળના મેદિનીપુર જિલ્લામાં પાંચકુટાસ્ટેશનથી તામુલુક તરફ જતા રસ્તા પર માર્ગમાં તે આવે છે. શક્તિનું નામ કપાલિની છે.

(૪૨) અંગ-નીચલું જડબું. પીઠ-પંચસાગર. તેનું ચોક્કસ નિશ્ચિત સ્થાન નક્કી થઈ શકતું નથી. શક્તિનું નામ વારાહી છે.

(૪૩) અંગ-ગળાનો હાર. પીઠ-નાન્દીહાર. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સેન્થિયા સ્ટેશન પાસે તે આવેલ છે. શક્તિનું નામ નંદિનીદેવી છે.

(૪૪) અંગ-દાંત. પીઠ-વિરાટનગર દન્તકાલી. નેપાળમાં વિરાટનગરની પાસે વરાહક્ષેત્ર છે. દન્તકાલીનું મંદિર વિરાટનગરથી ૪૫ કિ.મી.અંતરે છે.

(૪૫) અંગ-જમણું ઘૂંટણ. પીઠ-સાવિત્રી પીઠ-(ભદ્રકાલી) તે કુરુક્ષત્રોમાં દ્રોપાયન સરોવરની પાસે શ્રીદેવીકૂપ મંદિરોમાં આવેલું છે. શક્તિનું નામ છે સાવિત્રી.

(ક્રમશઃ)

Bharat Joshi Mob. 99250 47530
Bhumesh Joshi Mob. 97129 51963
Ph. : 2764-234114

BALRAM
SALES CORPORATION

Authorised Dealers :

LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS

7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

## ધો. ૧૦ અને ૧૨ના..... (પાન ૧નું અનુસંધાન)

**પરીક્ષા દરમ્યાન અને પરીક્ષા પહેલાં આરોગ્યની જાળવણી માટે**

- ઓછામાં ઓછા ૭ કલાક અને વધુમાં વધુ આઠ કલાકની ઊંઘ ૨૪ કલાકમાં લેવી જોઈએ જેમાં પાંચ કલાકની ઊંઘ સળંગ હોવી જોઈએ.
- પરીક્ષા દરમ્યાન અને પરીક્ષાના અગાઉના દિવસોમાં આહારમાં વિશેષ કાળજી રાખવી જોઈએ.
- ત્રણ વખત પૂરો આહાર લેવા કરતાં ૭ વખત પ્રમાણસર પોતાના આહારને વહેંચીને લેવો જોઈએ. ભરપેટ ખાવાથી આળસ આવે છે અને વાંચવામાં તકલીફ પડે છે.
- પરીક્ષા દરમ્યાન ઉપવાસ કરવાનું ટાળવું જોઈએ. સૂતા પહેલાં એક કપ દૂધ પીવું જોઈએ.
- આહારમાં તાજા શાકભાજી, ફળ, કઠોળ અને દુધને સ્થાન આપવું જોઈએ અને પૂરતા પ્રમાણમાં દિવસમાં ૨ થી ૩ લીટર પાણી પીવું જોઈએ.
- તળેલા ગળ્યા, ઠંડા, તીખા, ચાસણીવાળા પદાર્થો, પીઝા, બીસ્કીટ, ચોકલેટ જેવી વસ્તુઓનો સમાવેશ આહારમાં ન કરવો.
- ગળપણ માટે ગોળ કે મધનો ઉદ્યાયોગ કરી શકાય.
- ચણા, દાળીયા જેવા પ્રોટીનવાળી વસ્તુઓનો ખોરાકમાં સમાવેશ કરી શકાય.
- ચા, કોફી વગેરે દિવસમાં ફક્ત બે વખત જ લેવા જોઈએ. બાકીના સમયે લીંબુ, નારંગી, મોસંબી, ગાજર, નાળીયેર પાણી વગેરે બીજું કશું તેમાં ઉમેર્યા વગર લઈ શકાય.
- આહારના નવા પ્રયોગો પરીક્ષા પહેલાં કે પરીક્ષા દરમ્યાન કરવા જોઈએ નહિ.

**જવાબ લખવાની પદ્ધતિ**

- પ્રશ્નપત્ર શાંતિથી બે વખત વાંચી જવું જોઈએ.
- સુવાચ્ય અક્ષરોથી મુદ્દાસર લખાણ લખવું.
- ફકરા ન લખતાં મુદ્દા પાડીને પ્રશ્નોનો જવાબ લખવો. જ્યાં સૂત્રો જુદા તરી આવે તે રીતે લખવા અને આકૃતિ સંપૂર્ણ નામ નિર્દેશન સાથે દોરવી.
- સૌથી સારો આવડતો હોય તે પ્રશ્નનો જવાબ પહેલાં લખવો.
- પરીક્ષાના સમયનું ચૂસ્તપણેપાલન કરવું જેથી કોઈ પ્રશ્નનો જવાબ છોડવાની કે ટૂંકાવવાની જરૂર ન પડે તથા જેવો આવડે તેવો પણ દરેક પ્રશ્નોના જવાબ આપવા ખૂબ જરૂરી છે.
- કોઈ પણ પ્રશ્નછોડવો નહિ.
- તમામ પ્રશ્નોના જવાબ લખવા જરૂરી છે અને પ્રશ્નોના જવાબ સમજીને અને માગ્યા પ્રમાણે લખવા. વધારાનું લખવું નહિ.
- પરીક્ષામાં કદી ગેરરીતિ આચરવી નહી.

**પરીક્ષા ખંડમાં**

- પરીક્ષાના નિર્ધારીત સમય કરતાં ૧૫ મિનિટ વહેલા પહોંચવું.
- પોતાના સ્થાને બેસીને પાંચથી દસ ઉંડા શ્વાસ લેવા અને શરીરના બધા જ અંગો પર પોતાનું ધ્યાન લઈ જવું.
- પોતાનું સ્થાન સમયસર મેળવી ઈષ્ટદેવ શ્રી એકલીંગજી દાદાનું અને જે ભગવાનમાં શ્રદ્ધા હોય તેમનું સ્મરણ કરવું.
- હકારાત્મક વિચારી મારી પૂરી તૈયારી છે અને ખૂબ જ સારા માર્કસ આવશે તેવા આત્મવિશ્વાસ સાથે પેપર લખવાની શરૂઆત કરવી.


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D., SMALL SAVINGS SCHEME, LIC, UTI, PPF, COS. DEPOSITS, SRGE, ICICI MUTUTAL FUND, RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**


### ભટ્ટ મેવાડા વર્તમાનને ભેટ

**ઉભરાણના વતની અને હાલ લીંભોઈ ખાતે રહેતા ડૉ.સુરેન્દ્રભાઈ હરીશંકર જોષીએ ચિ.આશીષના સુપુત્રો ચિ.મીલીંદ અને મીહીરને યજ્ઞોપવિત, નવચંડી યજ્ઞ અને વાસ્તુપુજાના પ્રસંગોએ ભટ્ટમેવાડા વર્તમાનને રૂા.૧૦૦૦/-ની ભેટ આપેલ છે તેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવેલ છે.**

# ચતુર્થ સંમેલનમાં પ્રમુખશ્રી જેઠાલાલ ગણપરામ જોશીના પ્રવચના અંશો

આપણી જ્ઞાતિમાં કેળવણી બહુજ ઓછા પ્રમાણમાં છે એક દુ:ખદ અને ઘણી જ ચિંતાજનક ખામી કહી શકાય. આ ખામીનું મુખ્ય કારણ જ્ઞાતિની આર્થિક સ્થિતિ નીચી કક્ષાએ છે તેજ છે. જયારે અન્ય જ્ઞાતિઓ બહુ જ આગળ વધી આવા સંમેલનો અને પરિષદો દ્વારા વિદ્યોતતેજક મહાકૂંડો ઊભા કરી જ્ઞાતિને ઉત્કર્ષતાના પંથે વળી છે ત્યારે આપણે કંઈજ સાધ્ય કરી શકયા નથી તેથી અત્યંત ક્ષોભ થાય છે. પણ “જાગ્યા ત્યારથી સવાર” એ ધોરણે બીજી પ્રગતિ અન્ય જ્ઞાતિઓનું અનુકરણ કરી એક મહા ફંડ ઊભુ કરવા આપણે પ્રેરાવું જોઈએ અને જ્ઞાતિના જે જે વિભાગો કે વર્તુળમાં કેળવણી મેળવવાં વિદ્યાર્થીઓને અગવડ હોય ત્યાં ‘સંસ્થાની સગવડ તેવા મહાકુંડમાંથી કરી આપવામાં આવે તો બહુ જ સુંદર પરિણામો આવે તેમ છે તો પ્રથમ સર્વ જ્ઞાતિ-જનોએ સંગઠીત થઈ ફંડ વધારવા પ્રયત્નશીલ બનવાની જરૂર છે.’

કેટલીક અનિષ્ટ રૂઢીઓ અને રીતરીવાજો જે સાચવામાં કેટલાક જ્ઞાતિ બંધુઓ તણાઈ જાય છે તે નાબુદ થવા જોઈએ, અને ખોટા ખરચો સારા તથા માઠા પ્રસંગ ઉપર કરવાની હાલની ફરજો દૂર થવી જોઈએ; જો આમ થશે તો જ્ઞાતિની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર બની જશે, અને આ બચતથી જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોને વધુ વેગ મળશે.

વળી બારીકાઈથી વિચાર કરતાં જણાય છે કે ધનિષ્ઠોને તેમના ધંધા રોજગારમાંથી જરાપણ નિવૃત્તિ મલતી નથી; અહર્નિશ તેમાં રચ્યા પચ્યા હોઈ સમયના અભાવે જ્ઞાતિ -માર્ગોને વિચારવા તક ઓછી રહે છે પણ જો સંગીન ભૂમિકા તૈયાર કરી તેમના સમક્ષ મૂકવામાં આવે તો ધનની મદદ આપવા ઉત્સુક હોઈ સદૈવ તૈયારી પણ દાખવે છે.

આવા સંમેલનોની અસર ઘણી સારી થાય છે આજે જે જ્ઞાતિજનો અને સજ્જનો અત્રે પધાર્યા છે તેઓ એકી સાથે કયાં અને કેવા સંયોગોમાં ભેગા થઈ શકત તે વિચારવા જેવું છે. સંમેલન દ્વારા સંપર્ક સધાય છે અને એક બીજાને પરિચીત થવાનો પ્રસંગ પણ સંપ્રાપ્ત થાય છે.

શાણાને બુદ્ધિશાળી મહાનુભાવોએ તો અલિપ્ત કે અલગ નહિ રહેતાં મોખરે રહી તેમની બધી જ શક્તિઓનો લાભ જ્ઞાતિને અર્પી સાચા સુકાની બનવાની જરૂર છે. અને જ્ઞાતિ આજે તેજ માગી રહી છે. તો અલિપ્ત કે અલગ રહેવાની મતોઈને છોડી દઈ જ્ઞાતિ કલ્યાણ માટે જ્ઞાતિ મૈયા આજે સેવા માગી રહી છે. તો ‘છાત્રાલય’ને અસ્તિત્વમાં લાવવા માટે કૃતનિશ્ચયી બનો એવી મારી આપને બધાને નમ્ર પ્રાર્થના છે.

દરેક જાહેર સંસ્થાના કર્તાઓને ઘણી જ વખત ખોટી ટીકાઓનો ભોગ બનવું પડે છે. પણ ઉદાર મન રાખી સંસ્થાનું કાર્ય આગળ ચલાવવામાં તેઓ પોતાની ફરજ સમજે છે. એક બીજાના દોષો તરફ ઉદાર દ્રષ્ટિ રાખી, વિરૂદ્ધ અભિપ્રાયો બદલ સહિષ્ણુતા બનાવી કાર્ય કર્યા કરવું એ જ સાચા સમાજ સેવકની ફરજ છે. જો પરસ્પર સહકાર વૃત્તિ દર્શાવવામાં ન આવે તો આવાં સમાજ સેવાનાં કામો સફળ થઈ શકતાં નથી અને આવી સંસ્થાઓ સહકાર વગર ઝાઝો વખતે ટકી શકે નહિ, માટે જેમ બને તેમ વધારે માણસોને સંસ્થાના કાર્યમાં રસ લેતા કરી આવાં કાર્યોમાં ભાગ લેતા કરવામાં આવે તો તેનું પરિણામ સારું આવે તેવું અનુભવે સાબીત થયું છે અને તે સિદ્ધાંતને અનુસરી મંડળના કાર્ય કર્તાઓએ પોતાનું કાર્ય કર્યું છે, કરે છે અને કરશે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.
Mobile : 96381 48699
Phone : 079 - 23236704

## કન્યા જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : | કૌશલ ઉપેન્દ્ર પંડ્યા |
| જન્મ તારીખ | : | ૦૨-૦૭-૮૨ |
| અભ્યાસ | : | એમ.કોમ. (કેનેડા પીઆર) |
| વ્યવસાય | : | મેનેજર |
| માસિક આવક | : | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ઊંચાઈ | : | ૫'.૭'' |
| ગોત્ર | : | વચ્છસ |
| વતન | : | - |
| રહેઠાણ | : | - |
| સંપર્ક | : | ઉપેન્દ્રભાઈ પંડ્યા |



૯૮૭૯૮ ૪૩૩૯૮

વિનાયકભાઈ પંડ્યા

૯૮૯૮૬ ૭૬૬૨૬

નોંધ : લગ્ન હેતુસર ફેબ્રુઆરી માસમાં અમદાવાદ આવનાર છે.


**M. H. Joshi**

**(Re. Police Insp. Guj. State)**

# V. P. Securities

**EXPERTS IN :**

**Industries Security**

**Private Security**

**Private Investigation**

**17, Puspratna Complex,**
**Nr. Ambicanagar Bus Stop,**
**High Way, Kalol - (N.G.) 382 721.**
**Mobile : 98252 25484**
**Phone : (02764) 250444**


# પરમેશ્વર પ્રગટ થયા

નાનકડું એક નગર, આ નગરમાં વશે એક સદગૃહસ્થ, નગરશેઠ જેમનું નામ નારાયણ, દોમદોમ સાહ્યબી. દાની તો એવા કે પાછું વળીને જુએ જ નહીં. પ્રજાના સુખે સુખી ને એમના દુઃખે દુઃખી

આવા ધર્મીને ત્યા ધાડ પડી, પડતીના દિવસો શરૂ થતા. સૌએ સાથ છોડવા માંડયો.

એક દિવસની વાત એમના દરબારમાં યશ આવીને કહે શેઠ હવે મારે રહેવું નથી. બીજે જવાની રજા આપો. ખુશી ખુશી શેઠે રજા આપી.

થોડીવાર થઈ આવી પ્રતિષ્ઠા. મારે પણ જવું છે. રજા આપશો, હરખપદુડા બની નગરશેઠ નારાયણે રજા આપી દીધી. હજુ તો પ્રતિષ્ઠા થઈ પણ નથી ને આવ્યો, વિજય શેઠ મારે પણ રજા જોઈએ છે.

નગર શેઠે રાજીખુશીથી તેને પણ રજા આપી દીધી.

પછીતો તારા પછી મારો એમ એક પછી એક કરીને કીર્તિ, વૈભવ, લક્ષ્મી, વિવેક, માન મર્યાદા દરેકે રજા લઈ ચાલવા માંડયા.

છેલ્લે રહ્યું 'સત્ય', એ પણ બે હાથ જોડી વિવેકથી બોલ્યું કે નગરશેઠ મને પણ રજા આપો.

નગરશેઠ નારાયણ બોલ્યા - યશ, પ્રતિષ્ઠા, વિજય, કિર્તિ, વૈભવ, લક્ષ્મી, વિવેક,માન વગર ચાલશે, પરંતુ કોઈ પણ ભોગે 'સત્ય', ને તો હું રજા નહીં જ આપું.

દૂર ઉભેલા પેલા સૌ એકી અવાજે બોલ્યા, તમે (સત્ય) છો, તો અમે છીએ. તમારા વિના તો અમારૂં અસ્તિત્વ જ નથી. અમે પણ નહીં જઈએ.

- **રાજેશકુમાર જોષી (નરોડા)**

**આપનું લવાજમ મનીઓર્ડર દ્વારા નીચેના સરનામે મોકલાવી શકશો.**

**બિપીનભાઈ સી. જોષી**
**પ્લોટ નં. ૫૧૭/૧,**
**વાસ્તુનિર્માણ સોસાયટી,**
**સેક્ટર-૨૧,**
**ગાંધીનગર-૩૮૨૦૨૧**

## પાલ્લા ભટ્ટમેવાડા બ્રાહ્મણ સમાજ નું ગૌરવ

સાબરકાંઠા ફીઝીકલી હેન્ડીકેપ્ટ વેલ્ફેર મંડળ, બુટાલની તા. ૧-૧૨-૧૦ના રોજ નવી કારોબારીની રચના કરવામાં આવી. જેમાં પ્રમુખ પદે પાલ્લા ગામના યુવા કાર્યકર અને શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, પાલ્લાના પ્રમુખ શ્રી જોશી પ્રકાશકુમાર ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. તેઓશ્રીએ પાલ્લા ગામ અને ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, પાલ્લા તેઓને અભિનંદન પાઠવે છે.

## શ્રી યુવા ભટ્ટમેવાડા બ્રાહ્મણ સમાજ, પાલ્લાનું ગૌરવ

પાલ્લા ગામના વતની હાલ હિંમતનગર જી જય રાકેશકુમાર જોષીએ શ્રી રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, કર્ણાટક દ્વારા ઓગસ્ટ ૨૦૧૦માં લેવાયેલ ફાયનલ બી.ફાર્મની પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરી છે અને શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્ણ સમાજ અને ગામનું ગૌરવ વધારેલ છે. સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજનું સંમેલન પાલ્લા ખાતે યોજવામાં આવ્યું

શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, પાલ્લાનું નવા વર્ષનું પ્રથમ સ્નેહ મિલન સંમેલન તા. ૭-૧૧-૨૦૧૦ને રવિવારના રોજ પાલ્લા મુકામે યોજાયું. આ સ્નેહ સંમેલન ગામનના વડીલ શ્રી નવીનચંદ્ર પી. જોષીના અધ્યક્ષસ્થાને અને તેમના યજમાન પદે યોજવામાં આવ્યું. આ સંમેલનમાં ગામના તમામ જ્ઞાતિબંધુ અને બહાર ગામ વસાત જ્ઞાતિબંધુઓએ હાજરી આપી અને પરસ્પર સૌને નવા વર્ષની શુભકામનાઓ પણ પાઠવી છે. આ સંમેલનમાં વડીલોના માર્ગદર્શન હેઠળ સર્વ યુવાન ભાઈઓએ સંગઠીત બની નવીન વાડી બનાવવા અને સમાજના ઉત્કર્ષ માટેના વિવિધ કાર્યક્રમો માટે કૃત સંકલ્પ બન્યા હતા. શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજના તમામ હોદ્દેદારો તરફથી નવા વર્ષની શુભકામનાઓ.

## શ્રી યુવા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, પાલ્લા સમાજ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

આપણા સમાજનું ષષ્ઠમ સંમેલન તા. ૯-૧-૨૦૧૧, રવિવારના રોજ યોજાઈ ગયું. આ સંમેલન સંપૂર્ણ સફળ થયેલ છે અને સંમેલનમાં ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના અસંખ્ય માણસો હાજર રહ્યા હતા. આપે આ સંમેલનને સફળ બનાવવા અથાગ પ્રયત્નો કરેલ છે અને ષષ્ટમ સંમેલન નિમિત્તે સમાજના માણસો એકત્રીત થઈ અને આપણને સાથ સહકાર આપી કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળ કર્યો. આ કાર્યક્રમ માટે ગાંધીનગરના બ્રહ્મ સમાજના પ્રમુખ - મંત્રી - ટ્રસ્ટીશ્રીઓએ જે મહેનત ઉઠાવી તેને અમે પ્લ્લલા બ્રાહ્મણ સમાજ દ્વારા ખૂબ ખૂબ ધન્યાવાદ આપવામાં આવે છે.

With Best Compliments From
**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

## ભટ્ટ મેવાડા વર્તમાનને ભેટ

ભટ્ટ મહાશંકર સાંકળેશ્વર (ઈસોલવાળા) રામનગર ટીંટોઈ તરફથી રૂા. ૧૫૧/- ભટ્ટ મેવાડા વર્તમાનને ભેટ મળેલ છે. જે સાભાર સ્વીકારેલ છે.

## દુઃખદ અવસાન

- પાલનપુર નિવાસી મનુભાઈ ઈશ્વરભાઈ વ્યાસના પૂ.માતૃશ્રી હેમાબેનનું દુઃખદ અવસાન તા. ૩૦-૧૧-૨૦૧૧ના રોજ થયેલ છે.
- સીસરાણા, જિ. બનાસકાંઠા નિવાસી ધૂળાભાઈ ભીખાભાઈ જોષીનું દુઃખદ અવસાન તા. ૧૨-૧૨-૨૦૧૦ના રોજ થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા બંને મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી "ભટ્ટ મેવાડા વર્તમાન" પરિવારની પ્રભુ પ્રાર્થના.

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : સંદિપકુમાર દિનેશચંદ્ર પંડ્યા | હર્ષલ ઈન્દ્રવદન ભટ્ટ | નિલેશ જગદીશચંદ્ર પુરોહિત |
| જન્મ તારીખ | : ૨૫-૧૨-૮૭ | ૦૨-૧૨-૮૫ | ૦૩-૦૮-૭૯ |
| અભ્યાસ | : બીએ , ડિપ્લોમા નર્સિંગ (G.N.M.) | એમ.સી.એ. | બી.એસ.સી. (કેમેસ્ટ્રી) |
| વ્યવસાય | : પ્રાઈવેટ હોસ્પિટલમાં (ડુંગરપુર) | ઈડા સોફ્ટ કંપની પ્રા. લી., મુંબઈ | મેડીકલ રીપ્રેઝેન્ટેટીવ ઈન ફાર્મા કું. |
| માસિક આવક | : ૬,૦૦૦ રૂા. | રૂા. ૨૦ થી ૨૫ હજાર | રૂા. ૨૧,૦૦૦ |
| ઊંચાઈ | : ૫'.૮" | ૫'.૫" | ૫'.૬" |
| ગોત્ર | : કૌડિન્ય | - | શાંડિલ્ય |
| વતન | : ડુંગરપુર (રાજસ્થાન) | જાદર | - |
| રહેઠાણ | : મહુધા | મુંબઈ (સર્વિસ) | વડોદરા |
| સંપર્ક | : દિનેશચંદ્ર સી. પંડ્યા | - | જગદીશચંદ્ર છોટાલાલ પુરોહીત |
| | ૯૪૨૬૫ ૬૭૮૮૦ | ૯૬૨૪૨ ૬૯૦૯૬ | ૯૮૯૮૧૦૮૭૩૪ |

| | | | |
|---|---|---|---|
| નામ | : નિલાંગ ગીરીશકુમાર જોષી | સત્યમ જોશી | હેમાંગ |
| જન્મ તારીખ | : ૦૪-૦૧-૮૧ | ૧૩-૧૦-૭૮ | ૧૧-૦૭-૮૩ |
| અભ્યાસ | : બી.કોમ. સંગીત વિશારદ | એમ.એ., એમ.એસ. ઓફિસ | B.A. (Eng.). M.A. Part-I, M.S. Office |
| વ્યવસાય | : સંગીત શિક્ષક, ઝાયડસ સ્કૂલ | નોકરી (પ્રા. લિ. કંપની) | ગ્લોબલ, ટેલીસ્ફોટ |
| માસિક આવક | : રૂા. ૨૫,૦૦૦ | - | - |
| ઊંચાઈ | : - | ૫'.૪" | ૫'.૬" |
| ગોત્ર | : વચ્છસ | વચ્છસ | પારાશર |
| વતન | : - | વિજાપુર | પ્રાંતિજ |
| રહેઠાણ | : - | અમદાવાદ | - |
| સંપર્ક | : ગિરીશભાઈ જોશી, ૨૭૬૬૯૭૪૧ | વાસુદેવ માણેકલાલ જોશી | જગદીશચંદ્ર પંડ્યા |
| | ૯૯૯૮૦૦૭૫૪૭, ૯૯૯૮૧૯૦૩૦ | ૯૩૭૪૭ ૧૬૭૯૯ | ૯૯૨૫૨ ૨૦૭૦૫, ૯૮૨૫૫ ૨૩૧૫૪ |

## કન્યા જોઈએ છે

| | |
|---|---|
| નામ | : હાર્દિક |
| જન્મ તારીખ | : ૧૩-૦૭-૮૪ |
| અભ્યાસ | : બી.એ. |
| વ્યવસાય | : ફાઈનાન્સ પ્લાનર |
| માસિક આવક | : - |
| ઊંચાઈ | : ૫'.૯" |
| ગોત્ર | : કૌડન્ય |
| વતન | : નડીયાદ |
| રહેઠાણ | : - |
| સંપર્ક | : અરવિંદભાઈ પંડ્યા |
| ૯૩૨૭૪ ૭૫૭૫૭, ૯૪૨૭૪ ૧૯૯૨૪ | |

## વર જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : કિંજલ | કૃપા |
| જન્મ તારીખ | : ૨૫-૦૮-૮૬ | ૧૭-૦૭-૮૫ |
| અભ્યાસ | : પીટીસી, બી.એ., બી.એડ. | બી.એ. |
| વ્યવસાય | : - | - |
| માસિક આવક | : - | - |
| ઊંચાઈ | : ૫'.૨" | ૫'.૨" |
| ગોત્ર | : ભારદ્વાજ | પારાશર |
| વતન | : ધ્રાણદા, પાલનપુર | પ્રાંતિજ |
| રહેઠાણ | : પાલનપુર | જગદીશચંદ્ર પંડ્યા |
| સંપર્ક | : ૯૯૭૪૭ ૦૧૪૬૩ | ૯૯૨૫૨ ૨૦૭૦૫, ૯૮૨૫૫ ૨૩૧૫૪ |

**Owner : Shree Bhatt Mevada Brahma Samaj, Gandhinagar Printer, Publisher, Editor : Bipinchandra Joshi, Printed : Dharti Offset, Plot No. L-405, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : 1316/A/2, Sector-7 D, Gandhiangar. (GUJARAT)**